Extra No. 298

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] MONDAY, AUGUST 18, 2025 / SRAVANA 27, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી ઓગસ્ટ, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખઃ ૯મી જુલાઈ, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ કેવી-૨૦૨૫નો ૨૪૧ યુડીયુએચડી/એમએસએમ/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૫/૦૪૧૮/પી સેક્શન.- નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Under

The Gujarat Provincial Municipal Corporations Act, 1949

ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ હેઠળ

જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી જુલાઇ, ૨૦૨૫

ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯.

ક્રમાંકઃ કેવી-૨૦૨૫નો ૨૪૧ યુડીયુએચડી/ એમએસએમ/ ઈ-ફાઈલ/ ૧૮/ ૨૦૨૫/ ૦૪૧૮/ પી સેક્શન :- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩ન-ના ખંડ (૨) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખઃ ૧લી જાન્યુઆરી, ૨૦૨૫-ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જીવી-૨૦૨૫નો ૨૫- યુડીયુએચડી/ સીઓસી/ ઈ-ફાઈલ/ ૧૮/ ૨૦૨૪/ ૬૧૪૨/ પી સેક્શન (જેનો આમાં હવે પછી, 'સદરહુ જાહેરનામા-૧' તરીકે ઉલ્લેખ કર્યો છે તેના)થી, પોરબંદર-છાયા નગરપાલિકાના વિસ્તારને તેમજ સદરહુ જાહેરનામા-૧ની અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા મુજબની તેને લગોલગ આવેલી ગ્રામ પંચાયતોના વિસ્તારને પોરબંદર શહેરના મોટા શહેરી વિસ્તારો તરીકે નિર્દિષ્ટ કર્યા છે;

અને, ગુજરાત સરકારે, ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯(સન ૧૯૪૯ ના મુંબઈના ૫૯મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૫ની પેટા-કલમ (૧) સાથે વાંચતા, અનુચ્છેદ ૨૪૩ન-થી મળેલી સત્તાની રૂએ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તારીખઃ ૧લી જાન્યુઆરી, ૨૦૨૫-ના સરકારી જાહેરનામા ક્રમાંક: કેવી-૨૦૨૫નો ૨૬- યુડીયુએચડી/ સીઓસી/ ઈ-ફાઈલ/ ૧૮/ ૨૦૨૪/ ૬૧૪૨/ પી સેક્શન (જેનો આમાં હવે પછી, 'સદરહુ જાહેરનામા-૨' તરીકે ઉલ્લેખ કર્યો છે તે) હેઠળ, તારીખ: ૧લી જાન્યુઆરી, ૨૦૨૫-ના રોજ અને તે તારીખથી પોરબંદર શહેરના મ્યુનિસિપલ કોર્પોરેશનની રચના કરી છે;

અને ગુજરાત સરકારે, સદરહુ અધિનિયમની કલમ ૧ની પેટા-કલમ (૩)થી મળેલી સત્તાની રૂએ, સદરહુ જાહેરનામા-૨ હેઠળ, સદરહુ અધિનિયમની બાકીની જોગવાઈઓ પોરબંદર શહેરમાં જે તારીખે અને તારીખથી અમલમાં આવશે તે તારીખ તરીકે તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૨૫ નિર્દિષ્ટ કરી છે;

અને ગુજરાત સરકારે, સદરહુ અધિનિયમની કલમ ૪૯૩ હેઠળ, પરિશિષ્ટ ૪ના ભાગ ૪માં પરિચ્છેદ ૨૨ અને ૨૨-ખ-થી મળેલી સત્તાની રૂએ, સદરહુ જાહેરનામા-૨ હેઠળ,૧લી જાન્યુઆરી, ૨૦૨૫-થી શરૂ થતી એક વર્ષની મુદત માટે અથવા સદરહુ મ્યુનિસિપલ કોર્પોરેશનની પ્રથમ ચૂંટણીમાં કાઉન્સિલરોને ચૂંટવામાં આવે ત્યાં સુધી, બેમાંથી જે વહેલું હોય તે મુદત માટે, સદરહુ કોર્પોરેશનના વહીવટદારની નિમણૂક કરી હતી;

અને વસતી ગણતરી-૨૦૧૧ના આધારે જાહેર કર્યા પ્રમાણેના વસતીના આંકડા અનુસાર તેમજ સદરહુ અધિનિયમની કલમ ૫-ની જોગવાઈઓને પણ ધ્યાનમાં રાખીને, વોર્ડ અને કાઉન્સિલરની બેઠકોની સંખ્યા અને અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે અનામત રાખવાની બેઠકોની સંખ્યા સુનિશ્ચિત કરવી જરૂરી છે;

અને પોરબંદર શહેરના મ્યુનિસિપલ કોર્પોરેશનની સામાન્ય ચૂંટણી યોજાવાની છે;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૫-ની પેટા-કલમો (૪), (૫), (૬) અને (૭) સાથે વાંચતા, કલમ ૫ ની પેટા-કલમ (૩) ના ખંડ (૩) ના પેટા-ખંડ (ક)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, પોરબંદર શહેરને લાગેવળગે છે ત્યાં સુધી, વોર્ડ અને બેઠકોની સંખ્યા નીચે પ્રમાણે નક્કી કરે છે:-

૧) પોરબંદર શહેરના વિસ્તારો, તેર (૧૩) વોર્ડોમાં વિભાજિત થશે અને પોરબંદર શહેરનું મ્યુનિસિપલ કોર્પોરેશન બાવન (૫૨) કાઉન્સિલરનું બનશે;

૨) (કાઉન્સિલરની) બાવન (૫૨) બેઠકોમાંથી-

(૧) ત્રણ (૩) બેઠકો, અનુસૂચિત જાતિઓની વ્યક્તિઓ માટે અનામત રહેશે, જેમાંથી એક (૧) બેઠક અનુસૂચિત જાતિઓની સ્ત્રીઓ માટે અનામત રહેશે;

(૨) એક (૧) બેઠક, અનુસૂચિત આદિજાતિઓની વ્યક્તિઓ માટે અનામત રહેશે;

(૩) ચૌદ (૧૪) બેઠકો, પછાત વર્ગોની વ્યક્તિઓ માટે અનામત રહેશે, જેમાંથી સાત (૭) બેઠકો પછાત વર્ગોની સ્ત્રીઓ માટે અનામત રહેશે;

(૪) છવીસ (૨૬) બેઠકો, સ્ત્રીઓ (ઉપર ઉલ્લેખ્યા પ્રમાણે અનુસૂચિત જાતિઓ અને પછાત વર્ગોની સ્ત્રીઓ માટેની અનામત રાખેલી બેઠકોની સંખ્યા સહિત) માટે અનામત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કોમલ ભટ્ટ,

સરકારના સંયુક્ત સચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGHG THAKUR
Date: 2025.08.22 10:53:18 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar